ક્રમાંકઃજીસીવીટી/મહેકમ/રેમ્યુ–દરો/૨૦૦૮/ ૧૩૦૬૬
ગુજરાત કાઉન્સીલ ઓફ વોકેશનલ ટ્રેનીંગ,
બ્લોક નં.૮,ત્રીજો માળ, ડો.જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર. તારીખ૨૫ /૧૨/૨૦૦૮.

**વંચાણે લીધાઃ–**

(૧) કાઉન્સીલનો પરિપત્ર ક્રમાંકઃજીસીવીટી/હસબ/૫૩૮૫, તારીખઃ ૩/૮/૨૦૦૪.
(૨) કાઉન્સીલની તારીખઃ૧૩/૬/૨૦૦૬ના રોજ મળેલ ગવર્નીંગ બોડીની છઠ્ઠી બેઠકની કાર્યવાહી નોંધ.
(૩) કાઉન્સીલની તારીખઃ૯/૭/૨૦૦૮ના રોજ મળેલ ગવર્નીંગ બોડીની દશમી બેઠકની કાર્યવાહી નોંધ.

## //પરીપત્ર //

ગુજરાત કાઉન્સીલ ઓફ વોકેશનલ ટ્રેનીંગ,ગાંધીનગરના માધ્યમથી લેવામાં આવતી વિવિધ યોજનાઓની પરીક્ષા (ટુંકાગાળા કોમ્પ્યુટર કોર્સ સિવાય) માટે પરીક્ષા/પરીક્ષણની કામગીરી માટે નિયુકિત પામેલ અધિકારી/ કર્મચારી/ પરીક્ષકોના મહેનતાણાના દરો નકકી કરવામાં આવેલ છે. આ નિયત કરવામાં આવેલ દરો અનુસાર હાલમાં સંદર્ભ ક્રમાંક(૧)ના પરિપત્રથી નિયત કરવામાં આવેલ દરો અને નિયત કરેલ પધ્ધતિ અનુસાર કાઉન્સીલ ખાતેથી મહેનતાણાંની ચુકવવામાં આવે છે.

ભારત સરકારશ્રીના શ્રમ અને રોજગાર મંત્રાલય ,નવીદિલ્હીના તારીખઃ ૨/૬/૨૦૦૮ના પત્ર અનુસાર પરીક્ષાની કામગીરી માટે નિયુકત કરવામાં આવતા અધિકારી/કર્મચારી/પરીક્ષકોના મહેનતાણાના દરોમાં વધારો કરવામાં આવેલ છે, તે અનુસાર કાઉન્સીલના માધ્યમથી લેવામાં આવતી વિવિધ પરીક્ષાઓની કામગીરીના દરો ભારત સરકારશ્રીના શ્રમ અને રોજગાર મંત્રાલય,નવીદિલ્હી ધ્વારા નિયત થયા અનુસાર હાલના દરોમાં વધારો કરવાની બાબત કાઉન્સીલ ધ્વારા વિચારણામાં લેવામાં આવી હતી અને કાઉન્સીલની તારીખઃ ૯/૭/૨૦૦૮ ના રોજ કાઉન્સીલના અધ્યક્ષ માન.મંત્રીશ્રી,શ્રમ અને રોજગારના અધ્યક્ષપણા હેઠળ મળેલ કાઉન્સીલની ગવર્નીંગ બોડીની દશમી બેઠકના એજન્ડા નંબર–૨ ઉપર કાઉન્સીલના માધ્યમથી લેવાતી પરીક્ષાના વિવિધ મહેનતાણાના દરો ભારત સરકારશ્રીના શ્રમ અને રોજગાર મંત્રાલય,નવીદિલ્હી ધ્વારા નિયત થયા અનુસાર વધારવા અને મહેનતાણાંના દરોની ચુકવણીના ધોરણે નિયત કરવા અંગે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી, ચર્ચા વિચારણાના અંતે આ સાથેના પરીશિષ્ટ-૧ (પરીક્ષા માટે) અને ૨ (પરીક્ષણ માટે) માં દર્શાવેલ વિગતે કાઉન્સીલના માધ્યમથી લેવામાં આવતી વિવિધ યોજનાઓની પરીક્ષાઓ જેમની પરીક્ષા ફીની રકમ કાઉન્સીલ ખાતે જમા કરાવવામાં આવે છે તે તમામ પરીક્ષાઓ (ટુંકાગાળા કોમ્પ્યુટર કોર્સ સિવાય) માટે પરીક્ષા /પરીક્ષણ અને પરીક્ષકોના મહેનતાના દરો અને ધોરણો નકકી કરવામાં આવે છે. આ નવા નિયત કરવામાં આવેલ દરોનો અમલ તારીખઃ૧૦/૭/૨૦૦૮ પછી લેવામાં આવેલ પરીક્ષાઓ અને ત્યારબાદ લેવામાં આવનાર પરીક્ષાઓ માટે કરવાનો રહેશે. પરીશિષ્ટમાં દર્શાવેલ દર અને ધોરણો સિવાય અન્ય કોઈપણ પ્રકારની ફરજ કે હેતુ માટે મહેનતાણા મળવાપાત્ર રહેશે નહીં. જેની ખાસ નોધ લેવાની રહેશે. પરીક્ષા/પરીક્ષણ સેન્ટર ધ્વારા કાઉન્સીલમાં રજુ કરવામાં આવેલ બીલો જેની ચુકવણી કાઉન્સીલ ધ્વારા કરવામાં આવેલ છે, તે માટે તફાવતની ચુકવણી કરવાની રહેશે નહી, જેથી આવા પુરવણી બીલો ચુકવણી માટે કાઉન્સીલમાં રજુ કરવાના રહેશે નહી.

પરીક્ષા/પરીક્ષણની કામગીરીના નિયત કરવામાં આવેલ દરોમાં કોઈપણ સંજોગોમાં કોઈપણ જાતનો સુધારો–વધારી પરીક્ષા/પરીક્ષણ સેન્ટર ધ્વારા કરી શકાશે નહી જયારે વંચાણે સેવામાં આવેલ ક્રમ–૨ મુજબ કાઉન્સીલની તારીખઃ ૧૩/૬/૨૦૦૬ ના રોજ મળેલ ગવર્નીંગ બોડીની છઠ્ઠી બેઠકના એજન્ડા નંબર–૧૭માં નિયત થયા અનુસાર કાઉન્સીલના માધ્યમથી લેવાતી પરીક્ષાના ધોરણોમાં છુટછાટ આપવા સભ્ય સચિવશ્રીને અધિકૃત કર્યા અનુસાર પરીક્ષા/પરીક્ષણની કાર્યવાહીમાં કોઈ સેન્ટર ખાતે નિયત કર્મચારીની નિમણુંક બાબતે કોઈ મુશ્કેલી અનુભાવાય તેવા ખાસ કિસ્સામાં કર્મચારીના નિમણુંકના ધોરણોમાં છુટછાટ આપી શકાશે, પરંતુ આ માટેના ખાસ મુશ્કેલના કારણો હોવા જરૂરી રહેશે. કર્મચારીની નિયત સંખ્યામાં કોઈ સુધારો–વધારો કરી શકાશે નહી.

પરીક્ષા /પરીક્ષણની કામગીરીના મહેનતાણાના બીલો હાલમાં ચાલતા પ્રોગ્રમમાં VISUAL BASIC(V.B.) માં તૈયાર કરવાના રહેશે આ માટેના જરૂરી સુધારા આ પરિપત્ર સાથે અલગથી આપવામાં આવેલ છે, તે મુજબ જ પ્રોગ્રામમાં ડેટા એન્ટ્રી કરવાની રહેશે, એન્ટ્રી કરેલ ડેટાની હાર્ડ તેમ જ સોફટકોપીમાં જરૂરી પ્રમાણપત્ર સાથે કાઉન્સીલમાં મોકલવાની રહેશે. સરકારી સંસ્થા સિવાયની ગ્રાન્ટ–ઈન–એઈડ, સરકારી ટેકનીકલ હાઈસ્કુલ, ટી.સી.પી.સી., સ્વ–નિર્ભર સંસ્થાઓ ખાતેના પરીક્ષા કેન્દ્રોએ પ્રોગ્રામ મુજબ એન્ટ્રી કરી બીલો પરીક્ષા ફી માટે નિયત કરેલ તેમની નોડલ સંસ્થાઓ મારફત મોકલવાના રહેશે.બારોબાર આવેલ બીલોની ચુકવણી કાઉન્સીલ ધ્વારા કરી શકાશે નહી તેની નોંધ લેવી.

નાયબ નિયંત્રક(પરીક્ષા)
ગુજરાત કાઉન્સીલ ઓફ વોકેશનલ ટ્રેનીંગ,
ગાંધીનગર.

**પ્રતિ,**

તમામ સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થા,/ગ્રાન્ટ–ઈન–એઈડ સંસ્થા, / સરકારી ટેકનીસકલ હાઈસ્કુલ / સ્વ–નિર્ભર સંસ્થાઓ તરફ /કુટીર ઉદ્યોગ ખાતા હેઠળની તમામ સંસ્થાઓ તરફ.......

**નકલ સવિનય રવાનાઃ** (૧) નાયબ નિયામકશ્રી(તાલીમ),પ્રાદેશિક કચેરી,અમદાવાદ, વડોદરા,રાજકોટ, સુરત તરફ જાણ સારૂ.
(૨) રોજગાર તાલીમ નિયામકશ્રીની કચેરી ગાંધીનગરની તમામ શાખાઓ તરફ.

EXAMREMU/NAYAN PATEL.

## Updation of Exam Remuneration Database (ERM) after July 2008 Examination

| For Exam Center Remuneration Please Update Exam Code Master Table in ERM Database as per Following Data | | | | | | |
|---|---|---|---|---|---|---|
| em_examcode | em_type | em_desc | em_rate | em_category | em_update_date | em_user_code |
| 1 | EXAMDUTY140 | CHAIRMAN | 120 | D | | |
| 2 | EXAMDUTY140 | ASSISTANT CHAIRMAN | 100 | D | | |
| 3 | EXAMDUTY140 | STATIONARY INCHARGE | 60 | D | | |
| 4 | EXAMDUTY140 | SEALING SUPERVISOR | 60 | S | | |
| 5 | EXAMDUTY140 | BLOCK CUM LOBBY CONDUCTOR | 60 | S | | |
| 6 | EXAMDUTY140 | INVIGILATOR | 60 | S | | |
| 7 | EXAMDUTY140 | WATER ATTENDENT(CLASS 4) | 40 | S | | |
| 8 | EXAMDUTY140 | SEALING ATTENDENT(CL 4) | 40 | S | | |
| 9 | EXAMDUTY140 | RELIEVER | 60 | S | | |
| 10 | EXAMDUTY140 | INVIGILATOR (PRACTICAL) | 60 | D | | |
| 11 | EXAMDUTY140 | EXAMINER | 20 | P | | |
| 1 | SUBJECT140 | TRADE PRACTICAL | 20 | | | |
| 2 | SUBJECT140 | TRADE THEORY | 10 | | | |
| 3 | SUBJECT140 | W/S CAL. & SCI./COGNATE | 10 | | | |
| 4 | SUBJECT140 | ENGG. DRAWING | 10 | | | |
| 5 | SUBJECT140 | SOCIAL STUDIES | 10 | | | |

| For Assessment Remuneration Please Update Exam Code Master Table in ERM Database as per Following Data | | | | | | |
|---|---|---|---|---|---|---|
| em_examcode | em_type | em_desc | em_rate | em_category | em_update_date | em_user_code |
| 1 | ASSESSDUTY140 | CHAIRMAN | 120 | D | | |
| 2 | ASSESSDUTY140 | ASSESSMENT CO-ORDINATOR | 100 | D | | |
| 3 | ASSESSDUTY140 | ADMINISTRATIVE ASSISTANT | 60 | D | | |
| 4 | ASSESSDUTY140 | DATA ENTRY ASSISTANT | 60 | D | | |
| 5 | ASSESSDUTY140 | PEON CUM SEALING ATT. | 40 | D | | |
| 6 | ASSESSDUTY140 | EXAMINER | 20 | P | | |
| 1 | SUBJECT140 | TRADE PRACTICAL | 10 | | | |
| 2 | SUBJECT140 | TRADE THEORY | 10 | | | |
| 3 | SUBJECT140 | W/S CAL. & SCI./COGNATE | 10 | | | |
| 4 | SUBJECT140 | ENGG. DRAWING | 10 | | | |
| 5 | SUBJECT140 | SOCIAL STUDIES | 10 | | | |

## પરિશિષ્ઠ–૧

### ગુજરાત કાઉન્સીલ ઓફ વોકેશનલ ટ્રેનિંગ,ગાંધીનગર ધ્વારા લેવામાં આવતી વિવિધ પરીક્ષાના મહેનતાણાના નિયત કરેલ નવા દરો અને કામગીરી નું ધોરણ.

| ક્રમ. | પરીક્ષા/પરીક્ષા માટે જરૂરી સ્ટાફ. | રેમ્યુનેશનના હાલના દરો. | નવા વધારેલ દરો. | પ્રતિ દિવસ/પ્રતિ સેશન. | નિયત કરેલ ધોરણો | રીમાર્કસ. |
|---|---|---|---|---|---|---|
| ૧. | ચેરમેન. | ૧૦૦–૦૦ | ૧૨૦–૦૦ | પ્રતિ દિવસ. | પરીક્ષા સેન્ટર દીઠ એક. | નિમણુંક કાઉન્સીલ દ્વારા કરવામાં આવશે. |
| ૨. | આસિસ્ટન્ટ ચેરમેન. | ૭૫–૦૦ | ૧૦૦–૦૦ | પ્રતિ દિવસ. | પરીક્ષા સેન્ટર દીઠ એક. | નિમણુંક કાઉન્સીલ દ્વારા કરવામાં આવશે. |
| ૩. | સ્ટેશનરી ઈન્ચાર્જ. | ૨૦–૦૦ | ૬૦–૦૦ | પ્રતિ દિવસ. | પરીક્ષા કેન્દ્ર દીઠ એક જ કર્મચારી. | વહીવટી સ્ટાફમાંથી નિમણુંક આપવાની રહેશે. |
| ૪. | સીલીંગ સુપરવાઈઝર. | ૩૦–૦૦ | ૬૦–૦૦ | પ્રતિ દિવસ. | પરીક્ષા કેન્દ્ર દીઠ એક જ કર્મચારી. | વહીવટી સ્ટાફમાંથી નિમણુંક આપવાની રહેશે. વહીવટી અધિકારી,કચેરી અધિક્ષક,મુખ્ય કારકુન, સીનીયર કારકુન પૈકી કોઈ એકને નિમણુંક આપી શકાશે. |
| ૫. | બ્લોક કમ લોબી કંન્ડકટર. | ૨૦–૦૦ | ૬૦–૦૦ | પ્રતિ દિવસ. | ફકત થિયરી વિષયોની પરીક્ષા માટે. | પરીક્ષા કાર્ય દરમ્યાન સાત વર્ગ ખંડ દીઠ એ બ્લોક કમ લોબી કંડકટર રાખવાના રહેશે. |
| ૬. | ઈન્વીજીલેટર. | ૨૦–૦૦ | ૬૦–૦૦ | પ્રતિ દિવસ. | થિયરી વિષયોની પરીક્ષા માટે પ્રત્યેક પરીક્ષાના રૂમ દીઠ એક. પ્રાયોગીક વિષયોની પરીક્ષા માટે પ્રત્યેક વ્યસાય દીઠ/૫૦ તાલીમાર્થી દીઠ એક. | |
| ૭. | વોટર એટેન્ડન્ટ. (વર્ગ – ૪) | ૧૦–૦૦ | ૪૦–૦૦ | પ્રતિ દિવસ. | પ્રતિ ૧૦૦ તાલીમાર્થી દીઠ એક વોટર એટેન્ડન્ટની નિમણુંક કરવાની રહેશે. | વર્ગ–૪ના કર્મચારીમાંથી નિમણુંક કરવાની રહેશે. |
| ૮. | સીલીંગ એટેન્ડન્ટ. (વર્ગ – ૪) | ૧૦–૦૦ | ૪૦–૦૦ | પ્રતિ દિવસ. | સમગ્ર પરીક્ષા માટે સેન્ટર દીઠ એક કર્મચારી. | વર્ગ–૪ના કર્મચારીમાંથી નિમણુંક કરવાની રહેશે. |
| ૯. | રીલીવર ઈન્વીજીલેટર. | ૧૦–૦૦ | ૬૦–૦૦ | પ્રતિ દિવસ. | ફકત થિયરી વિષયોની પરીક્ષા માટે પરીક્ષાના પાંચ રૂમ દીઠ એક રીલીવરની નિમણુંક કરવાની રહેશે. | |

નાયબ નિયંત્રક(પરીક્ષા),
ગુજરાત કાઉન્સીલ ઓફ વોકેશનલ ટ્રેનીંગ,
ગાંધીનગર.

AMREMU/NAYAN PATEL.

## પરિશિષ્ઠ–૨

### ગુજરાત કાઉન્સીલ ઓફ વોકેશનલ ટ્રેનિંગ,ગાંધીનગર ધ્વારા લેવામાં આવતી વિવિધ પરીક્ષાના પરીક્ષણની કાર્યવાહી માટે નિયત કરેલ નવા દરો અને કામગીરી નું ધોરણ.

| ક્રમ. | પરીક્ષણ/પરીક્ષણ માટે જરૂરી સ્ટાફ. | રેમ્યુનેશનના હાલના દર. રૂા... | નવા અમલી દરો. રૂા... | પ્રતિ દિવસ. | નિયત કરવામાં આવેલ ધોરણો. | રીમાર્કસ. |
|---|---|---|---|---|---|---|
| ૧. | ચેરમેન. | ૧૦૦–૦૦ | ૧૨૦–૦૦ | પ્રતિ દિવસ. | પરીક્ષણ સેન્ટર દીઠ એક. | નિમણુંક કાઉન્સીલ ખાતેથી કરવામાં આવશે. |
| ૨. | એસેસ્મેન્ટ કોર્ડીનેટર. | ૩૦–૦૦ | ૧૦૦–૦૦ | પ્રતિ દિવસ. | પરીક્ષણ સેન્ટર એક અધિકારી/કર્મચારી. | વહીવટી સંવર્ગના અધિકારી/ કર્મચારીમાંથી નિ આપવાની રહેશે. |
| ૩. | એડમીનીસ્ટ્રેટીવ આસીસ્ટન્ટ. | ૨૦–૦૦ | ૬૦–૦૦ | પ્રતિ દિવસ. | પરીક્ષણ સેન્ટરમાં ૧૫૦ પેકેટ દીઠ એક કર્મચારી. | વહીવટી સંવર્ગના અધિકારી/ કર્મચારીમાંથી નિ આપવાની રહેશે. |
| ૪. | ડેટા એન્ટ્રી આસીસ્ટન્ટ. | ૨૫–૦૦ | ૬૦–૦૦ | પ્રતિ દિવસ. | પરીક્ષણ સેન્ટર દીઠ એક કર્મચારી. | પરીક્ષણ ઉત્તરવહીની સાપેક્ષમાં વધારાની જરૂ કાઉન્સીલ ધ્વારા નકકી કરવામાં આવશે. |
| ૫. | પરીક્ષણ થીયરી. વર્કશોપ કેલ્કયુલેશન/ કોગનેટ/ ડ્રોઈંગ/ સમાજ શાસ્ત્ર અન્ય થિયરીના વિષયો. | ૫–૦૦ | ૧૦–૦૦ | ઉત્તરવહી દીઠ | જે કિસ્સામાં ગૃપ દીઠ દશ કે તેથી ઓછી ઉત્તરવહી ચકાસવાની થયા ત્યારે લઘુત્તમ રૂા. ૫૦/– ચુકવવાપાત્ર રહેશે. | જે પ્રાયોગિક પરીક્ષાના વિષયનું પરીક્ષણ CA સેન્ટર ખાતે કરવામાં આવશે તે પ્રાયોગિક વિષય થીયરીના દર મુજબ ચુકવણી કરવાની રહેશે. દ ડ્રા.સીવીલ, ડ્રા.મીકેનીક વિગેરે. |
| ૬. | પરીક્ષણ કામગીરી પ્રાયોગીક પરીક્ષા. | ૧૦–૦૦ | ૨૦–૦૦ | પ્રતિ તાલીમાર્થી દીઠ | જે કિસ્સામાં ગૃપ દીઠ દશ કે તેથી ઓછા તાલીમાર્થીઓ માટે લઘુત્તમ રૂા. ૫૦/– ચુકવવાપાત્ર રહેશે. | |
| ૭. | પ્યુન કમ સીલીંગ એટેન્ડન્ટ. (વર્ગ – ૪) | ૨૦–૦૦ | ૪૦–૦૦ | પ્રતિ દિવસ. | પરીક્ષણ સેન્ટર દીઠ એક. | વર્ગ–૪ના કર્મચારીની નિમણુંક આપવાની રહે |

નાયબ નિયંત્રક(પરીક્ષા),
ગુજરાત કાઉન્સીલ ઓફ વોકેશનલ ટ્રેની
ગાંધીનગર.

EXAMREMU/NAYAN PATEL.